જો તમારી પાસે કંઇ ન હોય પણ એકલો સંતોષ હશે તો તમારી જિંદગીમાં અગવડ ઓછી હશે
- સેનેકા

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૨૬૪ | ૭ ડિસેમ્બર, ૨૦૧૪, રવિવાર ; માગશર વદ - ૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# વાઈબ્રન્ટ સમિટ ઐતિહાસિક બની રહેશે

## દેશ-વિદેશના ડેલીગેટ્સ, પ્રધાનમંત્રીઓની ઉપસ્થિત સાથે વિશ્વની ૩૦૦ જેટલી શ્રેષ્ઠ કંપનીઓના એમ.ડી.ની કોન્કલેવ યોજાશે

ગાંધીનગર, તા. ૬

આગામી વાઈબ્રન્ટ સમિટ-૨૦૧૫ ઐતિહાસિક બની રહેશે. વાઈબ્રન્ટ સમિટિમાં ડેનમાર્ક, નેધરલેન્ડ, સિંગાપોર અને ભૂતાન તેમ ચાર દેશોના પ્રધાનમંત્રીઓ ઉપસ્થિત રહેશે. આ ઉપરાંત દુનિયાની શ્રેષ્ઠ કંપનીઓના એમ.ડી. પણ સમિટમાં આવશે. વર્લ્ડ બેસ્ટ ૧ હજાર પૈકી ૩૦૦ કંપનીના એમ.ડી. સાથે કોન્કલેવ યોજવામાં આવશે આ ગુપ્ત બેન્કમાં મહત્વના મુદ્દાઓ અંગે પરામર્શ કરવામાં આવશે.

જાન્યુઆરી મહિનાના પ્રારંભે ગાંધીનગરમાં યોજાનારી વાઈબ્રન્ટ સમિટ-૨૦૧૫ વિશેષ બની રહેશે. વાઈબ્રન્ટ સમિટિમાં ભારત ઉપરાંત અન્ય ચાર દેશોના પ્રધાનમંત્રી ઉપસ્થિત રહેશે. ડેનમાર્ક, નેધરલેન્ડ, સીંગાપોર અને ભૂતાનના પી.એમ. પણ ગાંધીનગરના મહેમાન બનશે. આ ઉપરાંત યુએનના સેક્રેટરી જનરલ બાન કી મૂન પણ હાજરી આપશે. જ્યારે જાપાન અને ઓસ્ટ્રેલિયાના પ્રધાનમંત્રી પણ સમિટિમાં હાજરી આપે તેવી શક્યતા છે. બીજી તરફ વાઈબ્રન્ટ સમિટ-૨૦૧૫માંપ્રથમવાર યોજાનારી સી.ઓ. કોન્કલેવમાં વિશ્વની શ્રેષ્ઠ ૧૦૦૦ કંપનીઓ પૈકી ૩૦૦ જેટલી કંપનીના એમ.ડી. પણ હાજરી આપશે. વિવિધ વર્લ્ડ બેસ્ટ કંપનીના એમ.ડી.ની ઉપસ્થિતિમાં ખાનગી બેઠક દરમિયાન પરામર્શ કરવામાં આવશે. દેશ-વિદેશના પ્રધાનમંત્રીઓ, ઉદ્યોગવિદો ઉપરાંત વિદેશી મહાનુભાવોની હાજરીના લીધે વાઈબ્રન્ટ સમિટ વધુ ધમાકેદાર જોવા મળશે. દેશ-વિદેશના ડેલીગેટ્સ ઉપરાંત ભારતીય પ્રવાસ દિવસની ઉજવણીના ઉપલક્ષમાં દેશના ૧૫ રાજ્યોમાંથી પણ મુખ્યમંત્રીઓ મહેમાન બનશે. આગામી વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી તડામાર તૈયારીઓ ચાલી રહી છે. જ્યારે ગાંધીનગરના આંગણે આવનારા મહાનુભાવોના સ્વાગત માટે નગરને પણ વાઈબ્રન્ટ લૂક આપવામાં આવી રહ્યો છે. ત્યારે વાઈબ્રન્ટ સમિટ પણ ઐતિહાસિક બની રહેશે.

## વાયબ્રન્ટ સમિટ દરમિયાન પાર્કિંગ માટે પાંચ સ્થળોની પસંદગી


ગાંધીનગર, તા.૬

આગામી જાન્યુઆરી ૨૦૧૫માં યોજાનાર વાયબ્રન્ટ ઈન્વેસ્ટર્સ સમીટ દરમિયાન ગાંધીનગર શહેરમાં ટ્રાફિક નિયમન માટે વાહન પાર્કિંગની શહેરમાં જુદા જુદા પાંચ સ્થળો પર વ્યવસ્થા ઉભી કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આગામી ૧૧મી જાન્યુઆરી ૨૦૧૫થી ત્રણ દિવસ માટે મહાત્મા મંદીર ખાતે વાયબ્રન્ટ ઈન્વેસ્ટર્સ સમીટનો કાર્યક્રમ યોજાનાર છે. આ કાર્યક્રમમાં ભાગ લેવા માટે વિશ્વના ૧૦થી વધુ દેશોના રાજદૂતો, વડાપ્રધાનો નામાંકીત કંપનીઓના સીઈઓ સહીતના મહાનુભાવો આવવાના છે.

વિશ્વભરમાં થી આ મહાનુભાવો આવવાના હોઈ સુરક્ષા વ્યવસ્થાને ધ્યાને રાખીને મહાત્મા મંદિર ખાતે માત્ર વીવીઆઈપીઓના વાહનો સિવાય અન્ય કોઈ પણ વાહનોને પાર્કિંગ કરવા દેવામાં આવનાર નથી.

આ કાર્યક્રમમાં ભાગ લેવા આવનાર અન્ય મહેમાનો અને મુલાકાતીઓના વાહનોના પાર્કીંગ માટે શહેરના જુદા જુદા પાંચ સ્થળોની પસંદગી કરીને પાર્કિંગ વ્યવસ્થા ઉભી કરવામાં આવનારી છે. આ સ્થળેથી મહાત્મા મંદિર જવા માટે ખાસ બસોની વ્યવસ્થા કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે. પ્રાપ્ત વિગતો મુજબ સે-૧૭ હેલીપેડ ખાતે બનાવવામાં આવેલ એકઝીબીશન સેન્ટર ખાતે વિવિધ કંપનીઓના સ્ટોલના પ્રદર્શન કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.



શિયાળામાં વાદળા - શિયાળો ધીમે ધીમે જામતો જાય છે... પરંતુ વાતાવરણમાં ક્યારેક - ક્યારેક પલ્ટો પણ આવે છે અને આકાશમાં વાદળો ઘેરાય છે - વિખેરાય છે... શનિવારે આવા જ વાતાવરણનો અહેસાસ થયો હતો. આકાશમાં વાદળો છવાયેલા હતા તો બીજી તરફ પવન પણ ફૂંકાતો હોવાથી વાતાવરણમાં પલ્ટો જોવા મળ્યો હતો. (તસવીર : કશ્યપ નિમાવત)

## જિલ્લા કલેક્ટર ડી.ડી.ઓ.ને પુરસ્કાર આપવાની નવી યોજના અમલી

### કામગીરીના મુલ્યાંકન માટે રેટીંગ : કર્મયોગી પુરસ્કાર યોજના નામ અપાયુ

ગાંધીનગર, તા. ૬

જિલ્લા કલેક્ટર ડી.ડી.ઓ.ની પુરસ્કાર આપવાની યોજનામાં કેટલાક સુધારા કરીને નવી યોજના બનાવી તેનું નામ કર્મયોગી પુરસ્કાર યોજના આપવામાં આવ્યું છે. આ યોજના અંતર્ગત કલેક્ટર ડી.ડી.ઓ.ને મળનાર પુરસ્કારની રકમ તેઓએ અંગત ઉપયોગના બદલે તે રકમ જિલ્લાની યોજનાકીય આવશ્યકતા અનુસાર કરવાનો રહેશે.

રાજ્ય સરકારે સુધારા સાથે અમલી બનાવેલી નવી કર્મયોગી પુરસ્કાર યોજનામાં રાજ્યના ૩૩ જિલ્લાને કુલ ચાર કેટેગરીમાં વહેંચવામાં આવેલ છે. દરેક કેટેગરીમાં એક શ્રેષ્ઠ કલેક્ટર અને એક જિલ્લા વિકાસ અધિકારીને ઈનામ મળવા પાત્ર થશે.

● અનુસંધાન પાન-૭ પર




સર્કલોને નવા રૂપ-રંગ : વાઈબ્રન્ટ સમિટને પગલે ગાંધીનગર શહેરને સજાવવામાં આવી રહ્યું છે... જાહેર માર્ગોને દુરસ્ત કરવામાં આવી રહ્યા છે... ફૂટપાથ રીપેરીંગનું કામ ચાલી રહ્યું છે... શહેરમાં સફાઈ અને દબાણ હટાવવાનું અભિયાન પુરજોશમાં ચાલી રહ્યું છે ત્યારે ગાંધીનગરના વિવિધ સર્કલોને નવા રૂપ-રંગ આપવામાં આવી રહ્યા છે... વિવિધ થીમ આધારિત વિકસાવવામાં આવી રહેલા સર્કલોને આખરી ઓપમાં આવી રહ્યો છે...

## રાજ્યમાં ઠંડી સાથે પવન ફૂંકાયો

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર-અમદાવાદ સહિત ગુજરાતમાં તાપમાન ઉતારચઢાવની સ્થિતિ જોવા મળી રહી છે. આજે બપોર ઉપરાંત મોડી સાંજ સુધી લોકોને ગરમીનો અનુભવ થયો હતો. અમદાવાદ શહેરમાં તાપમાનમાં ફરી એકવાર અગાઉની સરખામણીમાં વધારો થયો છે. આજે અમદાવાદમાં ૧૮.૩ ડિગ્રી લઘુત્તમ તાપમાન રહ્યું હતું. રાજ્યમાં આજે નલિયામાં એકાએક તાપમાનમાં ઘટાડો થયો હતો. નલિયા ઠંડુગાર બની ગયું હતું. અહીં લઘુત્તમ તાપમાન ૧૩.૬ ડિગ્રી થઈ ગયું હતું. પારો એકાએક ગગડી જતા લોકોને તકલીફનો સામનો કરવો પડ્યો હતો. બીજી બાજુ અમદાવાદમાં આજની સરખામણીમાં આવતીકાલે તાપમાન ઘટાડો થઈ શકે છે અને તાપમાન ૧૭ ડિગ્રીની આસપાસ રહી શકે છે. પ્રવર્તમાન નીચલી સપાટી ઉપર ઠંડા પવનો ફુંકાઈ રહ્યા છે જેના લીધે વાતાવરણમાં ફેરફાર જોવા મળે છે.

હાલ ઠંડીનુ પ્રમાણ અપેક્ષા મુજબ વધી રહ્યું નથી જેથી લોકોમાં આને લઈને પણ ચર્ચા જોવા મળી રહી છે. પાટનગર ગાંધીનગરમાં ૧૬.૬ ડિગ્રી નોંધાયું હતું. જ્યારે અમદાવાદમાં તાપમાન આજે ૧૮.૩ ડિગ્રી તાપમાન રહ્યું હતુ. બીજીબાજુ ગુજરાત માટે હવામાન વિભાગ તરફથી કોઈ ચેતવણી જારી કરાઈ નથી.

## બાલોદ્યાનની મીની ટ્રેઈનની જાળવણી હવે ખાનગી એજન્સી કરશે

### જૂની અને ખખડધજ મીની ટ્રેઈન છાશવારે ખોટવાય છે : મેનપાવરના અભાવે તંત્ર માટે કામ મુશ્કેલ

ગાંધીનગર, તા. ૬

સે. ૨૮ બાલોદ્યાનની મીની ટ્રેઈનની જાળવણીનું કામ હવે ખાનગી એજન્સીને સોંપવામાં આવશે. વારંવાર ખોટવાતી ટ્રેઈનને દોડતી રાખવાનું કામ મેનપાવરના અભાવ વચ્ચે તંત્ર માટે પણ મુશ્કેલ બન્યુ હતુ. આ મામલે તંત્રકક્ષાએથી ટેન્ડર પ્રકીયા પણ હાથ ધરી દેવાઈ છે.

સે. ૨૮ બાલોદ્યાન છેલ્લા ઘણા સમયથી મરણપથારીએ હોવાથી એક જમાનામાં સહેલાણીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બનેલા બાલોદ્યાને રોનક ગુમાવી દીધી છે. વર્ષોના અંતે ભૂલકાઓની મીની ટ્રેઈન શરૂ કરાયા બાદ ફરી એકવાર સહેલાણીઓની નજર બાલોદ્યાન તરફ મંડરાઈ છે. બીજીતરફ બાલોદ્યાનમાં સ્થિત તળાવ પણ કંગાળ હાલતમાં ભાસી રહ્યું છે. જો કે તંત્ર દ્વારા બાલોદ્યાનના તળાવને કંગાળ હાલતમાંથી ઉગારવા રિનોવેશનનું કામ હાથ ધરવાની યોજના આખરી કરી દેવાઈ છે. જાળવણીના અભાવે ઉજ્જડ બનતા બાલોદ્યાનને ન્યૂ લૂક આપવા અગાઉ વિભાગ કક્ષાએથી બગીચાના વિકાસ માટે નવી યોજના વિચારવામાં આવી હતી. જેના અંતે બાલોદ્યાનને એમ્યુઝમેન્ટ પાર્ક બનાવવાની દીશામાં વિવિધ ખાનગી એજન્સીઓ પાસેથી રીપોર્ટ મંગાવાયો હતો પરંતુ આ યોજના વિચાર સુધી જ સિમિત રહેતા આ મામલે આગળ કાંઈ થઈ શક્યુ ન હોવાનુ સૂત્રો જણાવી રહ્યા છે. બાલોદ્યાનમાં આકર્ષણનું કેન્દ્ર સ્થાન ગણાતી ભૂલકાઓની છૂક છૂક ગાડી પણ માડં-માંડ પાટે ચઢી છે. વર્ષો બાદ ત્રણ વર્ષ પૂર્વે જ મીનીટ્રેઈનને ગ્રીન સિગ્નલ અપાયું છે. જ્યારે હવે આગામી સમયમાં મીની ટ્રેઈનની જારવણી ખાનગી એજન્સીને સોંપી દેવા હીલચાલ થઈ રહી છે. તંત્ર દ્વારા આ અન્વયે ટેન્ડરપ્રક્રિયા પણ હાથ ધરવામાં આવી છે. જેના અંતે આગામી દિવસોમાં બાલોદ્યાનની મીની ટ્રેઈનની જાળવણીનું કામ ખાનગી એજન્સી સંભાળશે. મીની ટ્રેઈન આમ પણ ખખડધજ હાલતમાં હોવાથી છાશવારે તેમાં ટેકનિકલ ક્ષતિઓ ઉદ્ભવે છે. જયારે મેનપાવરના અભાવ વચ્ચે તંત્ર માટે ટ્રેઈનને દોડતી રાખવાનુ કામ પણ મુશ્કેલ બન્યું હતું.







